# ધાનેરામાં આરોગ્ય વિભાગ માત્ર અને માત્ર તપાસના નામે નાટક કરે છે

ધાનેરા, તા. ૬
ધાનેરા વિસ્તાર રોગચાળાના ભરડામાં સપડાયું હોય તેમ લાગી રહ્યું છે તો બીજી તરફ ધાનેરામાં આરોગ્ય વિભાગની ઓફિસથી ૧૦૦ મીટરના અંતરે ખાણીપીણી દુકાનમાં લોકોના આરોગ્ય સાથે ચેડા થઇ રહયાં છે છતાં પણ આરોગ્ય અધિકારી આંખ આડા કાન કરતા હોય તેવું લાગી રહ્યું છે.

છેલ્લા કેટલાક સમયથી ધાનેરા શહેર તેમજ ધાનેરા તાલુકામાં ડિપ્થેરિયા મેલેરિયા ડેન્ગ્યુ જેવા રોગચાળાએ માઝા મૂકી છે તો ડિપ્થેરિયાને લઈ પાંચ જેટલા બાળકોના મોત પણ નિપજ્યા છે. પાંચ બાળકોના મોત નિપજતા ગાંધીનગર સુધીના તંત્રમાં ખળભળાટ મચી જવા પામી હતી અને ગાંધીનગર આરોગ્ય વિભાગની ટીમે ધાનેરામાં ધામા નાખ્યા હતા અને આ રોગ પર નિયંત્રણ મેળવવા માટે તજવીજ હાથ ધરી હતી. બીજી તરફ ધાનેરાનું સ્થાનિક તંત્ર ક્યાંકને ક્યાંક તપાસમાં ઉણુ ઉતરતું હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસથી ૧૦૦ મીટરના અંતરે ક્રિષ્ના સ્વીટ માર્ટ નામની દુકાન આવેલી છે, આ દુકાનમાં ગંદકી પાણીનો બગાડ ખુલ્લામાં ખાણીપીણીની ચીજવસ્તુઓ બનાવવી અને એ ખાણીપીણીની ચીજવસ્તુઓમાં જાહેર રસ્તા પરથી ઊડતી ધૂળ તેમજ ચોખ્ખાઈ વગર બનાવવામાં આવતી હોય એવું દ્રશ્યમાન થઈ રહ્યું છે. અમારી ટીમ દ્વારા આ દ્રશ્યો નજરે પડતાં સમગ્ર ઘટનાને કેમેરામાં કેદ કરી હતી.




ધાનેરા બસ સ્ટેશનની બહાર નીકળતા જ આ દુકાન આવેલી છે. દુકાનની બહાર કાઉન્ટર લગાવેલું છે જેમાં ખાણીપીણીની ચીજવસ્તુઓ બનાવવામાં આવે છે અને આ જગ્યા પર ધૂળની ડમરીઓ ઉડે છે તેમજ સફાઈનો પણ અભાવ જોવા મળ્યો હતો આ જગ્યા પર પાણીનો પણ વેડફાટ થતો જોવા મળ્યો હતો ત્યારે ધાનેરાના લોકો ઈચ્છી રહ્યા છે કે આવી ખાણીપીણીની દુકાનો સામે ધાનેરાનું આરોગ્યતંત્ર તપાસ હાથ ધરે તેવી લોક માંગ ઉઠી રહી છે. ધાનેરામાં જ્યારે કોઈ રોગચાળો ફાટી નીકળે કે કોઈ બનાવ બને ત્યારે આરોગ્ય વિભાગ માત્ર અને માત્ર તપાસના નામે નાટક કરે છે અને સામાન્ય લારીવાળાઓ તેમ જ નાની-નાની દુકાનવાળાઓ પાસે જઈ દંડ વસૂલવાનું નાટક કરે છે અને આવી મોટી દુકાન ધરાવતા ઈસમો ખુલ્લેઆમ આરોગ્ય વિભાગની ઓફિસની સામે જ લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે, છતાં પણ આરોગ્ય અધિકારીની આંખ ઉઘડતી નથી. આ જોઈ ધાનેરાના લોકો પણ કહી રહ્યા છે કે બનાસકાંઠા જિલ્લાનું આરોગ્યતંત્ર આવી દુકાનોમાં ત્રાટકે અને કાયદેસરની કાર્યવાહી કરે ત્યારે હવે જોવાનું એ રહે છે કે આ દુકાનમાં જિલ્લાનું આરોગ્ય વિભાગ તપાસ કરે છે કે પછી ધાનેરાનું સ્થાનિક તંત્ર તે તો સમય જ બતાવશે.

## અંબાજીમાં શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનું આયોજન

સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે વિશ્વ શાંતિના ઉમદા હેતુસર આવતીકાલે તા.૭મી નવેમ્બરથી તા.૧૭ નવેમ્બર,૨૦૧૯ દરમ્યાન રાજયમાં સૌપ્રથમવાર અંબાજીના ખેડબ્રહ્મા રોડ પર જૂની કોલેજ કમ્પાઉન્ડ સંસ્કૃત પાઠશાળા ગ્રાઉન્ડ ખાતે ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી અંબાજી માતાજીની પ્રેરણાથી શ્રી ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટ, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદના સંકલ્પથી તેમ જ શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી, દાંતા સ્ટેટના યુવરાજ રિધ્ધિરાજસિંહજી, શ્રી અઁબાજી મંદિરના પૂજારી શ્રી કશ્યપભાઈ ઠાકર અને શ્રી પાયલોટ બાબા સેવા સમિતિના સહકારથી હિમાલયની સિધ્ધ પરંપરાના વિશ્વ વિખ્યાત સંત મહાયોગી મહામંડલેશ્વર અને નાસિક પીઠના પીઠાધિશ્વર શ્રી પાયલોટ બાબાના સાનિધ્યમાં તા.૭થી તા.૧૭ નવેમ્બર,૨૦૧૯ દરમ્યાન આ ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞ યોજાશે. આ પવિત્ર મહાયજ્ઞની શરૂઆત શ્રી અંબાજી મંદિરેથી કળશ શોભાયાત્રા દ્વારા કરવામાં આવશે એમ ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ બ્રહ્મભટ્ટ અને પાયલોટ બાબા સેવા સમિતિના કન્વીનર જગદીશભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું.

# મહા વાવાઝોડાની અસર વચ્ચે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ

**રાજકોટ, અમરેલી, જામનગરમાં ભારે વરસાદ : કેટલાક પંથકોમાં ભારે ગાજવીજ અને તોફાની પવન સાથે વરસાદ : કપાસ અને મગફળી પાકને થયેલું ખુબ નુકસાન**

અમદાવાદ, તા.૬
મહા વાવાઝોડાની અસરના ભાગરૂપે આજે સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદ જોવા મળ્યો હતો. ખાસ કરીને કેટલાક પંથકોમાં તો વાદળછાયા અને અંધારપટ જેવા વાતાવરણ વચ્ચે ભારે ગાજવીજ અને તોફાની પવન સાથે વરસાદ તૂટી પડયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રના રાજકોટ, ધોરાજી, જેતપુર, જામકંડોરણા, અમરેલી, કુકાવાવ, વડિયા સહિતના અનેક પંથકોમાં જોરદાર મેઘમહેર જોવા મળી હતી. અનેક પંથકોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. આજે મોડી સાંજે મહા વાવાઝોડાની અસર શરૂ થઈ ગઈ હતી અને છથી વધુ જિલ્લાઓમાં ધોધમાર વરસાદ પડ્યો હતો જેમાં રાજકોટ, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્યત્ર પણ ભારે વરસાદ થયો હતો. જેના લીધે મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગની તાજી આગાહી પ્રમાણે, ગુજરાતના દરિયાકાંઠેથી મહા વાવાઝોડુ ટકરાવાનું સંકટ લગભગ ટળી ગયુ છે પરંતુ તેની અસરરૂપે તોફાની પવન અને ભારે વરસાદની આગાહી યથાવત્ રહી છે ત્યારે સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં આજે બપોર પછી વાતાવરણમાં નોંધપાત્ર પલ્ટો આવ્યો હતો અને કેટલાય પંથકોમાં એકદમ વાદળછાયુ અને અંધારપટ જેવું વાતાવરણ છવાયું હતું. બાદમાં તોફાની પવન અને ભારે ગાજવીજ તેમ જ વીજળીના કડાકા ને ભડાકા સાથે સૌરાષ્ટ્રના રાજકોટ, ધોરાજી, જેતપુર, જામકંડોરણા, અમરેલી, કુકાવાવ, વડિયા, ગોંડલ, શાપર-વેરાવળ, જસદણ સહિતના અનેક પંથકોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી અને ગણતરીના કલાકોમાં આ વિસ્તારોને પાણી પાણી કરી નાંખ્યા હતા. રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ભારે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. બીજીબાજુ, ભારે વરસાદથી સૌરાષ્ટ્રના ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ હતી. ખેડૂતોના ઉભા કપાસ અને મગફળીના પાકને મોટાપાયે નુકસાન પહોંચ્યું છે. મગફળીનો પાક પાકી ગયો હોવાથી ખેડૂતો ઉપાડી રહ્યા છે ત્યારે બીજી તરફ વરસાદથી તેને નુકસાની પહોંચી રહી હોઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે. દરમ્યાન હવામાન વિભાગ દ્વારા આવતીકાલે પણ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના અનેક પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે.

# વડગામ તાલુકા ભાજપ પ્રમુખની વરણી કરાઈ

વડગામ, તા. ૬
વડગામ તાલુકા ભાજપ પ્રમુખની ટર્મ પુર્ણ થતાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વડગામ તાલુકા ભાજપ પ્રમુખની નવિન વરણી માટે કાર્યવાહી હાથ ધરી હતી.



જેમાં તાલુકા ભાજપ પ્રમુખ પદે બીજી વાર પ્રવિણસિંહ રાણાને રીપીટ કરી વરણી કરતાં તેમના મિત્ર વર્તુળમાં આનંદ છવાયો હતો. જયારે ભાજપના કેટલાક પ્રમુખની રેસમાં રહેલા આગેવાનોમાં છન્નાટો જોવા મળ્યો હતો.

સંગઠન પર્વ-૨૦૧૯, અંતર્ગત વડગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ, મહામંત્રીની વરણી કરવા માટે વડગામ ખાતે આવેલ ભોજક વાડી સમાજ સંકુલમાં જિ. પ્રભારી દૂષ્યન્ત પંડયા, જિ. ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ અધ્યક્ષતામાં વિશેષ બેઠક યોજાઈ હતી. બેઠકના શુભારંભમાં પ્રમુખ પ્રવિણસિંહ રાણાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

અંતમાં પ્રવિણસિંહ રાણાને બીજી ટર્મ માટે રીપીટ કરી પુનઃ પ્રમુખની જવાબદારી સોંપવામાં આવતાં ભાજપ કાર્યકરોમાં આનંદ છવાયો હતો. જયારે મહામંત્રી તરીકે રામજીભાઈ બેરા (ચિત્રોડા) તથા નિઝામપુરાના પુર્વ સરપંચ લાલાજી ઠાકોરની મહામંત્રી પદે વરણી કરવા માં આવી હતી.

સંગઠનની બેઠકમાં જિલ્લામાં અમરતભાઈ દવે જિલ્લા મહામંત્રી, ભારતસિંહ ભાટેસરીયા, વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કે.પી. ચૌધરી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ વિજય ચક્રવતી, જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, વડગામ સરપંચ ભગવાનસિહ સોલંકી, રાજેશ પરમાર (અનુ.જાતિ. ઈન્ચાર્જ પ્રમુખ) વડગામ તાલુકા યુવા મોરચા પ્રમુખ કામરાજ ચૌધરી, મહામંત્રી શ્રવણસિહ ડાભી, તથા તમામ પદાધિકારીઓ તથા ડેલીગેટો મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા અને નવિન પ્રમુખ અને મહામંત્રીઓને શુભેચ્છા ઓ પાઠવી ને આવકાર્યા હતા.

# સદભાવના ગ્રુપના યુવાનોએ વૃદ્ધાશ્રમના વડીલોને અંબાજી દર્શન કરાવ્યા

**પાલનપુર વૃધાશ્રમમાં વસતા વડીલોને માટે ખાસ બસની વ્યવસ્થા કરી એમને અંબાજી લઇ જઈ દર્શન માતાજીની આરતી કરાવી બપોરે સુંદર ભોજન કરાવી એક દિવસીય પ્રવાસની જોડે મજા માણી**

પાલનપુર, તા. ૬
મજબૂરીના કારણે વૃદ્ધાશ્રમમાં રહેવા મજબુર બનેલા ગુજરાતભરના વૃદ્ધ વડીલ માતા પિતાઓને દિવાળીના તહેવારમાં પરિવારની હૂંફ મળી રહે અને તહેવારમાં એકલતા ના અનુભવે એ માટે થઈને સદભાવના ગ્રુપ ટ્રસ્ટના યુવાનોએ નવા વર્ષમાં જેમ હિન્દુ સંસ્કૃતિમાં મંદિરે દર્શને જવાની પ્રથા છે એ મુજબ પાલનપુર વૃદ્ધાશ્રમમાં વસતા ૭૫ વડીલ માતા-પિતાને અંબાજી લઈ જઈ દર્શન કરવાય હતા. આ વડીલ વૃદ્ધો અંબાજી લઈ જવા માટે સવારે ૮ વાગે વૃદ્ધાશ્રમ પાલનપુરથી ખાસ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સવારે ૧૧ વાગે અંબાજી પહોંચી જે પણ વડીલોને ચાલવામાં તકલીફ હતી એ તમામ માટે વ્હિલચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમને ૧૧.૩૦ વાગે માતાજીના મંદિરમાં લઈ સવારની આરતીનો લાભ લીધો હતો અને માતાજીની આરતી કરી હતી. ત્યાર બાદ બપોરે મિસ્ત્રી ભુવન મુકામે સુંદર મજાના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને સાંજે ૪ વાગે એક દિવસીય પ્રવાસ અને માતાજીના દર્શન કરી સૌ વડીલોને પરત વૃદ્ધાશ્રમ માં મુકવામાં આવ્યા હતા.



આ એક દિવસીય પ્રવાસ કરીને યાત્રાથી ખુશ ખુશાલ જણાતા વડીલોએ કહ્યું હતું કે, જેમ શ્રવણ પોતાના માતા-પિતાને યાત્રા કરાવી હતી એમ આ સદભાવના ગ્રુપના સૌ યુવાન દીકરાઓએ અમને માતાજીના દર્શન અને પ્રવાશ કરાવ્યો છે. એમ સૌને આશીર્વાદ પણ આપ્યા હતા. આયોજનમા સદભાવના ગ્રુપ ટ્રસ્ટના હરેશ ચૌધરી, હિતેન્દ્ર ચૌધરી, વૃદ્ધાશ્રમના ડો. ઉમાકાંન્ત પંડ્યા, જગદિશ કોરાટ, જીગર પટેલ, રાકેશ વાઘમાર, કૌશિક ગોસ્વામી, આનંદ વાણીયા, પ્રવીણ પટેલ, અનિલ ચૌધરી હાજર રહ્યા.

## મહારાષ્ટ્રમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી પરિણામ આવ્યા બાદથી જ બંને પાર્ટીઓ વચ્ચે મુખ્યમંત્રી પદને લઈને ખેંચતાણ ચાલી રહી હતી. મુખ્યમંત્રી ફડનવીસના નેતૃત્વમાં બોલાવવામાં આવેલી આ બેઠકમાં શિવસેનાના વિધાનસભા પક્ષના નેતા એકનાથ શિંદે તથા વરિષ્ઠ નેતા રામદાસ કદમ ઉપસ્થિત રહ્યા હતા. શિવસેનાના કુલ છ મંત્રી આમા ઉપસ્થિત રહ્યા હતા. સપ્તાહના અંત સુધીમાં રાજ્ય સરકારની રચના કરી દેવામાં આવશે. બીજી બાજુ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારે ફરી એકવાર સરકાર રચનારની શક્યતાને નકારી કાઢી છે. પવારે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, અમને સરકાર બનાવવાનો કોઈ પ્રસ્તાવ મળ્યો નથી. તેઓ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા નથી. શિવસેના સાથે મળીને સરકાર બનાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ભાજપ અને શિવસેના વચ્ચે ૨૫ વર્ષથી ગઠબંધન છે. તેમને સરકાર બનાવી જોઈએ. મહારાષ્ટ્રની પ્રજાએ અમને જે આદેશ આપ્યા છે તેના આધાર પર જ કોંગ્રેસ, એનસીપી વિપક્ષમાં બેસશે. સરકાર બનાવવાને લઈને જે પણ મડાગાંઠ છે તેને દૂર કરી લેવી જોઈએ. ભાજપને જ સરકાર બનાવવી જોઈએ. શરદ પવારની આ પત્રકાર પરિષદ પહેલા શિવસેનાના વરિષ્ઠ નેતા સંજય રાવત તેમને મળવા માટે પહોંચ્યા હતા. આ મુલાકાત બાદ જ શિવસેના અને ભાજપના નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠક છતાં કોઈ ઉકેલ આવી શક્યા ન હતા. કારણ કે, બંને પાર્ટી મુખ્યમંત્રીના પદને લઈને સમજૂતિ કરવા માટે તૈયાર નથી. ૨૪મી ઓક્ટોબરના દિવસે રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મડાગાંઠ ઉભી થઇ હતી. ભાજપ અને શિવસેના ગઠબંધનને ૧૪૫ના જાદુઈ આંકડા કરતા ૧૬૧ સીટો મળી હતી પરંતુ બંને પક્ષો વચ્ચે મતભેદોને લઈને સરકાર રચાઈ શકી નથી. ચૂંટણીમા ભારતીય જનતા પાર્ટીએ ૧૦૫ સીટો જીતી હતી જ્યારે શિવસેનાએ ૫૬ સીટો અને એનસીપીને ૫૪ સીટો મળી છે. કોંગ્રેસને ૪૪ સીટો મળી છે.

## ફટકો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હાઈકોર્ટે દિલ્હી પોલીસની એવી અરજીને ફગાવી દીધી હતી જેમાં સાકેત કોર્ટની ઘટનાના સંબંધમાં વકીલોની સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ કરવામાં આવી હતી. સુનાવણીમાં વકીલો તરફથી દિલ્હી પોલીસ ઉપર નવા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે, સિનિયર પોલીસ અધિકારીઓએ વકીલો માટે ખોટી ભાષાનો ઉપયોગ કર્યો હતો જેને લઈને કાર્યવાહી થવી જોઈએ.

વકીલ પક્ષે એ વકીલને પણ ઓળખવાનો ઈન્કાર કરી દીધો હતો જેને લઈને વિડિયો વાયરલ કરાયો હતો. આ વિડિયોમાં એક શખ્સ પોલીસને માર મારતો નજરે પડી રહ્યો હતો. વાયરલ થયેલા વિડિયોમાં જે શખ્સ દેખાઈ રહ્યો હતો તેને વકીલ તરીકે ગણાવવામાં આવી રહ્યો હતો. વકીલ પક્ષે કોર્ટમાં આક્ષેપ કર્યો હતો કે, પોલીસ પોતાના અધિકારોનો ખોટીરીતે ઉપયોગ કરી રહી છે. એવી માંગ પણ કરવામાં આવી હતી કે, વકીલોની સામે ખોટી ભાષાનો ઉપયોગ કરનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે તરત જ પગલા લેવાની જરૂર છે. કોર્ટમાં સાકેત કોર્ટના વિડિયોના મામલાને પણ ઉઠાવવામાં આવ્યો હતો જેમાં પોલીસ કર્મી પર હુમલાને દર્શાવવામાં આવ્યો હતો. મંગળવારના દિવસે દિલ્હી પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસવાળા આશરે ૧૦ કલાક સુધી દેખાવોમાં જોડાયા હતા અને જુદી જુદી માંગણીઓ મુકી હતી.

## રેતી ખનન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ રાત્રિસભામાં ગામમાં સ્મશાનગૃહનો પ્રશ્ન પણ રજુ થયો હતો જે અંગે એક સપ્તાહમાં જરૂરી દરખાસ્ત કરી કલેક્ટરશ્રીની મંજુરી માટે રજુ કરાશે તેવી હૈયાધારણ ગ્રામજનોને આપવામાં આવી હતી.

લેકાવાડા-વાસણાનો માર્ગ સાંકડો હોવાથી તેની પહોળાઈ વધારવામાં આવે કારણ કે આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધી રહ્યુ છે અને તેથી અકસ્માતનો ભય સતત રહ્યા કરે છે. આ સિવાય પણ વિવિધ વિભાગોને લગતા પ્રશ્નો રાત્રિસભામાં રજુ થયા હતા. ૧૦ થી વધુ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

આજે યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમમાં ૪૨૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો જેમાં આરોગ્યતંત્રની સેવાઓના લાભાર્થી વધુ હતા. ૭/૧૨ના ઉતારાની નકલ, રેશનકાર્ડમાં નવા નામ દાખલ કરવા, નામ કમી કરવા સહિતના લાભાર્થીઓ પણ હતા.

## ઘાત ટળી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ડિપ્રેશનમાં ફેરવાઈ જશે. આમ, મહાને લઈ સૌરાષ્ટ્રવાસી સહિત તમામ ગુજરાતીઓ અને સરકાર તેમ જ તંત્રને બહુ મોટી રાહત થઈ છે. જો કે, સરકાર અને તંત્ર દ્વારા અગમચેતીના પગલારૂપે હજુ એલર્ટ જાળવી રખાયું છે અને એનડીઆરએફની ૩૫થી વધુ ટીમો અને ૧૦ હિલકોપ્ટરો દરિયાકાંઠાના વિસ્તારોમાં તૈનાત રખાયા છે. બીજીબાજુ, મહા વાવાઝોડાનો ખતરો ટળવાનો સંકેત આપવાની સાથે સાથે હવામાન વિભાગે મહાની અસરના ભાગરૂપે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ અને ઝંઝાવતી પવન ફુંકાવાની આગાહી યથાવત જણાવી હતી. હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું હતું કે, આવતીકાલે તા.૭મીએ સવારે મહા વાવાઝોડું દીવથી ૪૦ કિમી દૂર હશે ત્યારે તે ડિપ ડિપ્રેશનમાં તબદિલ થઈ જશે., જેથી તેના ત્રાટકવાનો લગભગ કોઈ ખતરો નથી. હાલ વાવાઝોડું ૨૧ કિમી પ્રતિકલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. જે વેરાવળથી ૪૯૦ કિમી, દીવથી ૫૪૦ અને પોરબંદરથી ૪૦૦ કિમી દૂર છે. ગુજરાતના દરિયાકાંઠે પહોંચતા વાવાઝોડું નબળું પડતુ જશે. છતાં ૭૦થી ૮૦ કિમીની ઝડપે ભારે પવન ફૂંકાશે. વાવાઝોડાની અસરથી જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદ રહેશે. જ્યારે આવતીકાલે સુરત, ભરૂચ, આણંદ, બોટાદ, પોરબંદર અને રાજકોટમાં વરસાદની સંભાવના છે. તેમણે ઉમેર્યું કે, મહા હાલ પૂર્વ દિશામાં આગળ વધી રહ્યું છે અને ધીમે-ધીમે વાવાઝોડું નબળું પડી જશે. આ વાવાઝોડું ગુરુવારે વહેલી સવાર સુધીમાં ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જશે અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સુધી નહીં પહોંચે. ગુરુવારે બપોર સુધીમાં વાવાઝોડું દીવથી આશરે ૪૦ કિલોમિટર દૂર હશે એવી શક્યતા છે. વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠે પહોંચવાની શક્યતા નથી છતાં હવામાન વિભાગના કહેવા પ્રમાણે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તેની અસર જોવા મળશે. જે મુજબ, સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર-સોમનાથ, અમરેલી અને ભાવનગર ભારેથી અતિભારે વરસાદની તથા સુરત, ભરુચ અને અમદાવાદમાં ભારે વરસાદની શક્યતા છે. પવનની ગતિ ઘટી જવાની શક્યતા છે જેથી ખતરો ઘટી જશે, ૬૫-૭૦ કિલોમિટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

## મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

જ જોઈએ. કારણકે એને પાટલી બદલવાનો બીજો મોકો ના મળે તે જરૂરી છે.

ચોમાસુ ગયે બે મહિના વીતી ગયા છતાં હજુ શહેરના રસ્તાઓ ઉપર ભૂવા પડ્યાના સમાચાર વર્તમાનપત્રોમાં થોડા થોડા દિવસના અંતરે આવતા રહે છે. કપચી તો કેટલાયે રસ્તાઓ ઉપરથી ઉખડી ગઈ હશે અને એની પર વાહનો ચલાવનારા ગબડતા હશે પણ એવા કોઈ સમાચાર છાપાઓમાં આવતા નથી. હવે છાપાવાળા આવી ઘટનાઓને સમાચાર નહીં ગણતા હોય બીજું શું?

ગયા વરસે શ્રી અશોક ગેહલોત એવું બોલ્યા કે ગુજરાતમાં જ્યાં જુવો ત્યાં દારૂ મળે છે. એની સામે ભાજપવાળા ઊકળી ઉઠ્યા. ગુજરાતને દારૂડિયા ગણનાર ગેહલોતને માફી માંગવાનું કહેવા માંડ્યા. પણ નવા વરસમાં જૂના સચિવાલયમાં એક ભાઈએ એક મહિલા અધિકારીને દારૂની ઓફર કરી. છાપામાં બધી વિગતો પૂરા નામ સાથે છપાણી. હવે આમાં કોણે કોની માફી માંગવાની થાય એ આપણી સમજ બહારનો વિષય છે.

ગયા વરસે મગફળીના બદલે માટીના કોથળા ભરીને સરકારના નાણાં કમાઈ લેવાણાં હતા. આ વરસે અત્યારથી જ સરકારે પલળેલી મગફળી ખરીદવાનો નિર્ણય કર્યો છે, આનાથી ખેડૂતને એટલો ફાયદો થશે કે કોથળાનું વજન તો વધશે.

દિલ્હીમાં પ્રદુષણનો મામલે સુપ્રિમકોર્ટે ઠપકો આપવો પડે એટલી હદે મામલો વકર્યો છે. કેજરીવાલ સરકાર પોતાનાથી લઈ શકાય એટલા પગલાં લઈ રહી છે. ભાજપવાળા જેટલા વિરોધી નિવેદનો કરી શકાય તેટલા કરી રહયા છે. હરિયાણાના મુખ્ય મત્રીને ભાજપવાળા અને પંજાબના મુખ્ય મંત્રીને કોંગ્રેસવાળા ખેડૂતોને ઘાસ નહીં બાળવાના હુકમો કરવાનું કહી શકતા નથી. હવે સવાલ એ છે કે જો એ ઘાસને બાળવામાં ના આવે તો એનું શું કરી શકાય એનો વિકલ્પ કોઈ બતાવતું નથી. એક બાજુ અન્ય રાજ્યોની ગાયોને ખાવાનું ઘાસ મળતું નથી. બીજી બાજુ ઘાસને બાળી નાખવું પડે છે. એને કેવી વ્યવસ્થા કહેવાય? ગમે તેટલો ખર્ચ થાય એ ઘાસ ગુજરાત અને રાજસ્થાન મોકલી દેવું જોઈએ. એનાથી દિલ્હીમાં પ્રદુષણ ઘટશે અને ગાયોના પેટમાં પ્લાસ્ટીકની કોથળીઓને પ્રવેશવું નહીં પડે? તમારું શું કહેવું છે?

દિલ્હી દેશની રાજધાની છે. વિકટ પ્રશ્નોની પણ એ રાજધાની હોય તેમ લાગે છે. અત્યારે ત્યાં પોલીસભાઈઓ અને વકીલબંધુઓ સામસામે આવી ગયા છે. બંનેએ સામસામા મારામારીના આક્ષેપો કર્યા છે. તેમનો પ્રશ્ન કેવી રીતે ઉકેલાશે એ સમજવું અઘરું છે.

નવું વરસ આવા બધા પ્રશ્નો સાથે શરૂ થયું છે છતાં આપના માટે એ શુભ ફળદાયી નિવડે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું. બીજું આપણે કરીયે શું શકીયે?

# સારગર જાની દ્વારા ટ્રોફી-મોમેન્ટો વિજયી ટીમને અપાઈ

**પાલનપુર ખાતે મુસ્લીમ પ્રિમિયર લીગ (એમ.પી.એલ.) ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ યોજાઈ**

પાલનપુર, તા. ૬
બ.કા.ના પાલનપુર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે અનસ પઠાણ, ફરાદ પઠાણ, એન્ડ કુ. દ્વારા પાલનપુર મ્યુ. ગ્રાઉન્ડ ખાતે મુસ્લીમ પ્રિમિયમ લીગ (એમ.પી.એલ.) ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતુ.



દિપાવલીના દિવસથી ચાલુ થયેલ ટુર્નામેન્ટમાં ગુજરાતની કુલ ૨૮ ટીમો આવી હતી. સતત આઠ દિવસ રોજની ચાર મેચ રમાતી હતી જેની ફાઈનલ ૩-૧૧-૧૯ના રોજ ફીઝા અલ્ફીયા વચ્ચે યોજાઈ હતી. જેમાં પ્રથમ બેટીંગ કરતા અસ્ફીયા ઈલેવને ૧૨ ઓવરમાં ૧૩૦ રન ખડક્યા હતા તેના જવાબમાં ફીઝા ઈલેવન ૧૦ ઓવરમાં ૧૩૧ રન કરી ફાઈનલ વિજયી બની હતી. જ્યારે આ ટુર્નામેન્ટમાં સહયોગ કરનાર સાગરભાઈ જાની, અલ્પેશ પટેલ, ફલ્ફત ધાસુરા હોપ ૉસ્પિટલ માજીદ નવકલેશો ટ્રોફી મોમેન્ટો આપી સહકાર આપ્યો હતો. ફાઈનલ વિજેતા ફીઝાના કપ્તાને સાગર જાની, અલ્પેશ પટેલ, રશીદખાન પઠાણ અને સિતાબ કાદરીએ ટ્રોફી એનાયત કરી હતી. જ્યારે રનર્સ અપ અલફીયાના કપ્તાને રશીદ લાલાએ ટ્રોફી એનાયત કરી હતી તેમજ દરેક ખેલાડીને સિલ્ડ પહેરાવી સન્માનીત કર્યા હતા. અમદાવાદ, વડોદરા, ભરૂચ,, સૌરાષ્ટ્રના કેલાડીઓ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. સાગર જાનીને સિતાબ કાદરી આયોજકો સંચાલકોને સફળ ટુર્નામેન્ટ કર્યા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મોટી સંખ્યામાં દર્શકો ટુર્નામેન્ટને પ્રોત્સાહીત કરી સફળ બનાવી હતી જ્યારે અંપાયરની ભુમિકા યુનુસ મેક્સ અને જાવેદ સિંધીએ ભજવી હતી. સ્કોરર ઝુબેર મેમનને કોમેન્ટ્રી અને સંચાલન અસલમ પઠાણે કર્યુ હતુ. ફાઈનલ મેચમાં મેન ઓફ ધ સિરિઝ ઈકબાલ સુરેન્દ્રનગરનો ખેલાડી બન્યો હતો. મુસ્લીમ પ્રિમિયર લીગ ૨૦૧૯ સફળતાપૂર્વક સંપન્ન થવા પામી હતી.